પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે ૮૭૦ કરોડના વધારા સાથે ૮૭૧૮ કરોડનું સૂચિત અંદાજપત્ર રજૂ કર્યું

નંબર વન સુરતે તૈયાર કર્યું ઈતિહાસનું સૌથી મોટું બજેટ

૨૦૨૪-૨૫માં વિકાસકાર્યો માટે ૪૧૨૧ કરોડ રૂપિયા ફાળવાશે : વેરાવૃદ્ધિ મુદ્દે સુરતીઓને રાહત

। સુરત ।

૨૦૨૩-૨૪નું નાણાકીય વર્ષ સુરત શહેર માટે અનેક મુદ્દે શુકનવંતું, ગૌરવશાળી સાબિત થયું છે. ડાયમંડ બુર્સ જેવા પ્રોજેક્ટો સાકાર થવાથી માંડીને સુરત સ્વચ્છતામાં દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. એવામાં હવે આવનારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પણ સુરત શહેરની વિકાસની રફતાર અકબંધ રહે તે માટે હમણાં સુધીનું રેકોર્ડબ્રેક અધધધ ૮૭૧૮ કરોડનું સૂચિત અંદાજપત્ર તૈયાર કરાયું છે. પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે ગત વર્ષની સરખામણીએ ૮૭૦ કરોડના વધારા સાથેનું સૂચિત અંદાજપત્ર રજૂ કર્યું છે અને તે હવે મંજૂરી માટે ચૂંટાયેલી પાંખને સુપરત કરાશે. ૨૦૨૪-૨૫માં વિકાસકાર્યો માટે ૪૧૨૧ કરોડની ફાળવણીનો અંદાજ સેવાયો છે. વધુમાં, લોકસભા ચૂંટણી નજીક હોવાના કારણે વેરાવૃદ્ધિમાંથી સુરતવાસીઓને મોટી રાહત મળી છે. પાલિકાના વહીવટી તંત્રએ નવા બજેટમાં એકેય રૂપિયાનો કર કે દરનો વધારો સૂચવ્યો નથી.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું સુધારેલું એટલે કે રિવાઈઝ્ડ અને ૨૦૨૪-૨૫નું ડ્રાફ્ટ એટલે કે સૂચિત અંદાજપત્ર સોમવારે પાલિકા કમિશનર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જે મુજબ, સુરત શહેરનું આવનારા નાણાકીય વર્ષનું અંદાજિત બજેટ ૮૭૧૮ કરોડ રૂપિયા રહેશે. ગત વર્ષે ૭૮૪૮ કરોડની સરખામણીએ તેમાં ૮૭૦ કરોડનો વધારો કરાયો છે. બીજી બાજુ કેપિટલ બજેટ પણ ૪ હજાર કરોડને આંબી ગયું હોય એમ ૪૧૨૧ કરોડ પર પહોંચ્યું છે. સુરતવાસીઓ માટેની માળખાગત સુવિધાઓ, નવા વિસ્તારોના વિકાસકાર્યો પાછળ કેપિટલ બજેટનો મહત્તમ ખર્ચ કરવામાં આવશે. વળી, ગત વર્ષ બાદ ચાલુ વર્ષે પણ કમિશનરે રેવન્યૂ ખર્ચ કરતાં આવક વધુ દેખાડતું બજેટ તૈયાર કર્યું છે. ૨૦૨૪-૨૫માં પાલિકાને ૫૦૨૫ કરોડની રેવન્યૂ આવક થવાનો અંદાજ સેવાયો છે. તે સામે ૫૦૮ કરોડના નોન-કેશ ઘસારા ખર્ચ સહિત ૪૫૯૭ કરોડનો રેવન્યૂ ખર્ચ થશે.

રેવન્યૂ આવકની મહત્તમ રકમ એટલે કે ૩૦ ટકા રકમ નોન ટેક્સ રેવન્યુમાંથી આવશે. ૨૨ ટકા સાથે યુઝર ચાર્જ બીજા ક્રમે અને ૨૦ ટકા સાથે ઓક્ટ્રોયની અવેજીમાં સરકારની ગ્રાન્ટ ત્રીજા ક્રમે રહેશે. જ્યારે રેવન્યૂ ખર્ચમાં મહત્તમ એટલે કે ૫૧ ટકા રકમ એસ્ટાબ્લિશમેન્ટ પાછળ ઉપયોગમાં લેવાશે. ત્યારબાદ ૧૮ ટકા સાથે મરામત, નિભાવ અને વીજળીખર્ચ બીજા ક્રમે, ૧૧ ટકા સાથે ઘસારો ત્રીજા ક્રમે રહેશે. રેવન્યૂ ખર્ચમાં કર્મચારીઓના પગાર, પેન્શન તથા સેવા નિવૃત્તિ લાભો પાછળ ૨૩૫૨ કરોડનો ખર્ચ થશે. ત્યારબાદ મરામત-નિભાવ સહિતના અન્ય ખર્ચ કરવામાં આવશે. ૨૦૨૪-૨૫ માટે ૫૦૨૫ કરોડની રેવન્યૂ આવક, ૩૩૦૯ કરોડની કેપિટલ આવક સાથે ૮૩૩૪ કરોડની આવક થશે. જ્યારે ૪૫૯૭ કરોડનો રેવન્યૂ ખર્ચ, ૪૧૨૧ કરોડનો કેપિટલ ખર્ચ મળીને ૮૭૧૮ કરોડનો ખર્ચ થશે.

સૂર્યનગરીના અમૃતકાળના બજેટ પર એક નજર

૧. ૨૦૨૪-૨૫ માટે પાલિકા કમિશનરે ૮૭૧૮ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું.
૨. ૨૦૨૩-૨૪માં ૭૮૪૮ કરોડની સરખામણીએ ૮૭૦ કરોડનો વધારો કરાયો.
૩. સુરત મહાનગરપાલિકાના ઇતિહાસમાં સૌથી મોટું કદ ધરાવતું બજેટ તૈયાર.
૪. ૨૦૨૪-૨૫ના સૂચિત અંદાજપત્રમાં કોઇ પ્રકારનો કર-દર વધારો કરાયો નહીં.
૫. ૪૨૮ કરોડ રૂપિયાની રેવન્યૂ સરપ્લસ ધરાવતું બજેટ તૈયાર કરવામાં આવ્યું.
૬. વિકાસલક્ષી કામો માટે પહેલીવાર ૪૧૨૧ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કરાયું.
૭. સુરતની ગ્રોથ હબ તરીકે પસંદગી કરાઇ હોય ૨૦૨૪ના સંકલ્પ પર આધારિત બજેટ.
૮. સુરતમાં વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આઇકોનિક પ્રોજેક્ટ, મોટા નવા પ્રોજેક્ટનું આયોજન.
૯. સસ્ટેનેબિલિટી ડેવલપમેન્ટ માટે કેપિટલ બજેટના ૧૦ ટકા જેટલી રકમનું આયોજન.
૧૦. નવા વિસ્તારોમાં તબક્કાવાર ૪૬૧૩ કરોડના ખર્ચે સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.
૧૧. ૨૩-૨૪ની સરખામણીએ ૩૬૬ કરોડના વધારા સાથે ૨૪-૨૫માં ૫૦૨૫ કરોડની આવકનો અંદાજ.
૧૨. રેવન્યૂ ખર્ચમાં સ્વાવલંબનની નીતિને વેગ આપવા ગત વર્ષ કરતા માત્ર ૪ ટકાનો વધારો કરાયો.
૧૩. ૨૩-૨૪માં સરકારી, અર્ધસરકારી, ખાનગી સંસ્થાને જમીન ફાળવણી સંદર્ભે ૧૮૬ કરોડ આવકનો લક્ષ્યાંક

સૂચિત કન્વેન્શનલ બૈરેજ

મહાનગરપાલિકાનું પાછલા ૧૦ વર્ષનું સરવૈયું

વર્ષ	રેવન્યૂ આવક	રેવન્યૂ ખર્ચ	કેપિટલ ખર્ચ
૨૦૧૩-૧૪	૧૪૬૪	૧૪૦૧	૧૬૨૫
૨૦૧૪-૧૫	૧૬૭૨	૧૫૫૧	૧૭૪૬
૨૦૧૫-૧૬	૧૭૫૭	૧૭૬૦	૧૭૫૯
૨૦૧૬-૧૭	૨૧૩૮	૨૦૪૦	૧૫૮૯
૨૦૧૭-૧૮	૨૬૭૪	૨૫૦૩	૧૬૩૬
૨૦૧૮-૧૯	૨૯૫૭	૨૬૨૮	૧૯૮૬
૨૦૧૯-૨૦	૨૮૯૦	૨૮૩૯	૧૮૭૫
૨૦૨૦-૨૧	૨૯૨૯	૩૦૩૪	૧૨૭૯
૨૦૨૧-૨૨	૩૩૭૧	૩૫૬૫	૧૮૬૯
૨૦૨૨-૨૩	૩૬૧૨	૩૮૮૧	૨૫૧૬
૨૦૨૩-૨૪(સુધારેલું)	૪૬૫૯	૪૪૦૮	૩૨૦૩
૨૦૨૪-૨૫(સૂચિત)	૫૦૨૫	૪૫૯૭	૪૧૨૧

અર્બન ગવર્નન્સ ક્ષેત્રે સુરતને રોલ મોડલ બનાવવા પ્રયાસ

સુરત ફાસ્ટેસ્ટ ગ્રોઇંગ સિટી તરીકે ઊભી રહ્યું છે. સુરતનું યોગદાન ભારત, ગુજરાતના આર્થિક વિકાસમાં મહત્ત્વનું રહે એ પ્રમાણે બજેટ તૈયાર કરાયું છે. સુરત ગુજરાતનું ૩૦ ટકા જીડીપી કન્ટ્રીબ્યૂશન કરે છે. સુરતનું ઇકોનોમિકલ પોટેન્શિયલ ઘણું સારું છે. સોશિયલ અને ઇકોનોમિકલ ગ્રોથને જોતાં સુરત દેશનું મોસ્ટ લીવેબલ સિટી બને તે માટે તમામ પાસાને આવરી બજેટ તૈયાર કરાયું છે. મહિલા, બાળકો, દિવ્યાંગો, વયસ્કો એમ દરેક માટે અને સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ સૂત્રને આવરી બજેટ તૈયાર કરાયું છે. શહેરના આઇકોનિક પ્રોજેક્ટ ઝડપથી પૂરા થાય તે માટે પૂરતા પ્રયાસો કરાયા છે. વિકાસલક્ષી અને વિકાસકાર્યોને પ્રાધાન્ય આપતું બજેટ છે. - શાલિની અગ્રવાલ (પાલિકા કમિશનર)

માલગાડી દોડાવવા સચિનથી ગોથાણ વચ્ચે ટ્રેક તૈયાર

પેસેન્જર ટ્રેનના ટ્રેક પર જ હાલમાં માલગાડી દોડાવવામાં આવી રહી છે. તેના લીધે માલગાડી સમયસર એક સ્થળેથી બીજા સ્થળે પહોંચી નહીં શકવાના લીધે રેલવેએ ખાસ્સી આવક ગુમાવવી પડે છે. તેના કાયમી નિરાકરણ માટે મુંબઇથી દિલ્હી વચ્ચે ફ્રેઇટ કોરીડોર બનાવવામાં આવી રહ્યો છે. આ કોરીડોરની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. તેમાં પણ સચીનથી ગોથાણ વચ્ચે ટ્રેક નંખાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ લોડીંગ ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે. તે અંતર્ગત ૧૨ કોચમાં સામાન ભરીને ટ્રાયલ પણ કરવામાં આવી રહ્યું છે. (નિર્ભય કાપડિયા)

કેન્દ્રીય મંત્રીઓ માંડવિયા, રૂપાલાને રિપીટેશન મળે તેવી શક્યતા નહિવત્

ગુજરાતમાંથી ભાજપ રાજ્યસભાની ચારેય બેઠકો મેળવશે, કોંગ્રેસ ફોર્મ પણ નહીં ભરે

। ગાંધીનગર ।

ગુજરાતમાંથી રાજ્યસભાની ખાલી પડનારી ચારેય બેઠક ૧૫મી વિધાનસભામાં રેકોર્ડબ્રેક સંખ્યાબળને આધારે ભાજપે તમામ બેઠકો અંકે કરશે. જ્યારે બે સભ્યોના રાજીનામા બાદ માત્ર ૧૩ ધારાસભ્યોમાં સમેટાઈ ગયેલી કોંગ્રેસમાંથી આ ચૂંટણીમાં કોઈની ઉમેદવારીની શક્યતા નહિવત છે ત્યારે ભાજપમાંથી રાજ્યસભામાં છ વર્ષ માટે કોને પ્રતિનિધિત્વ મળે છે તેના ઉપર સૌની નજર છે.

રાજ્યસભામાં ગુજરાતમાંથી પ્રતિનિધિત્વ કરી રહેલા ૧૧ પૈકી કુલ ચાર સાંસદો અનુક્રમે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરૂષોત્તમ રૂપાલા જ્યારે કોંગ્રેસના નારણ રાઠવા અને અમી યાજ્ઞિકની મુદત આ વર્ષે એપ્રિલમાં પૂર્ણ થાય છે. ૨૭મી ફેબ્રુઆરીએ યોજાનારી રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી કરવા ૧૫મી ફેબ્રુઆરી સુધીનો સમય નિયત કરાયો છે. જો કે, આ વખતે કોંગ્રેસ પાસે ઉમેદવારી ફોર્મ ભરવા માટે પણ સંખ્યાબળ ન હોવાથી આ ચૂંટણી મતદાન સુધી પણ પહોંચશે નહી. ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો નિર્વિરોધ ચૂંટાઈ આવશે. ભાજપમાં થઈ રહેલી ચર્ચા મુજબ કેન્દ્રીય નેતૃત્વ આ વેળા કેન્દ્રીય મંત્રી માંડવિયા અને રૂપાલાને રાજ્યસભામાં રિપિટેશન આપવા તૈયાર નથી ! આ બંને સાંસદો અનુક્રમે બે અને ત્રણ વખત રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કર્યુ છે. તેવામાં મનસુખ માંડવિયાને આ વખતે લોકસભા-૨૦૨૪ ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં ભાવનગર, અમરેલી કે પોરબંદર એમ ત્રણમાંથી કોઈક એક બેઠક પરથી મેદાને ઉતારશે તેમ મનાય છે.ગુજરાત ભાજપ આ વખતે રાજ્યસભામાં એક સાથે ચારેય બેઠકો મેળવી રહ્યુ હોવાથી છ વર્ષની મુદત માટે નાના જ્ઞાતિ- સમુહમાંથી આવતા નેતા અને કાર્યકરોને પ્રતિનિધિત્વ આપવા કવાયત ચાલી રહી છે. સંભવતઃ બે સપ્તાહમાં તમામ નામો જાહેર થશે.

જૂન-૨૦૨૬માં રાજ્યસભામાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ નહીં રહે

હાલમાં ગુજરાતમાંથી રાજ્યસભામાં ૧૧માંથી ત્રણ સાંસદો કોંગ્રેસના છે. તેમાંથી બેની ટર્મ એપ્રિલ- ૨૦૨૪માં પૂર્ણ થાય છે. ત્યારબાદ જૂન- ૨૦૨૬માં શક્તિસિંહ ગોહિલની ટર્મ પણ પૂર્ણ થશે. ૧૫મી વિધાનસભાની મુદ્દત ડિસેમ્બર- ૨૦૨૭ સુધી હોવાથી સવા બે વર્ષ પછી ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસનું કોઇ પ્રતિનિધિત્વ નહી રહે.

સુરત પોલીસના અધિકારીઓ હાજર રહ્યા નહીં : વકીલોની ટીમ મોકલી

ગુજરાત હાઈકોર્ટના મેજિસ્ટ્રેટને ટ્રેનિંગની જરૂરિયાત : સુપ્રીમ કોર્ટની ગંભીર ટકોર

હાઈકોર્ટને પક્ષકાર તરીકે જોડી ૧૫ દિવસ પછી રજિસ્ટ્રાર જનરલને હાજર રહેવા તાકીદ

। સુરત ।

સુરત શહેરના વેસુ પોલીસમાં નોંધાયેલા છેતરપિંડીના આરોપીએ આગોતરા મેળવ્યા છતાં રિમાન્ડ મેળવી ટોર્ચરિંગ કરવાના ચર્ચાસ્પદ કેસની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે એવી ગંભીર ટકોર કરી હતી કે, ગુજરાત હાઈકોર્ટ પાસે મોટી એકેડમી હોવા છતાં મેજિસ્ટ્રેટને ટ્રેનિંગ આપવાની જરૂરિયાત છે. સોમવારે સુનાવણી વેળા સુરત પોલીસના એક પણ અધિકારી રહ્યા ન હતા. હવે આ કેસમાં ગુજરાત હાઈકોર્ટને પણ પક્ષકાર બનાવી ૧૫ દિવસ પછી રજિસ્ટ્રાર જનરલને હાજર રહેવા સુપ્રીમે તાકીદ કરી છે.

કેસની વિગતો મુજબ વેસુ પોલીસ ચોપડે તુષાર શાહ નામના વ્યક્તિની સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. તુષાર શાહે સુરતના સ્થાનિક વકીલ દિપેશ દલાલ મારફતે સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરીને જામીન મેળવ્યા હતા. કોર્ટે તુષારને ૨૫ હજારના જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો. બીજી તરફ સુરતના વેસુ પીઆઇ રાવલે સુપ્રીમ કોર્ટનો હુકમ છતાં તુષાર શાહને કોર્ટમાં રજૂ કરીને ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ દરમિયાન આરોપીને માર પણ માર મરાયો હોવાના આક્ષેપો થયા હતા. આરોપીની મેડિકલ તપાસ માટે અરજી કરાઈ હતી. જો કે, તે રદ થઈ હતી. પોલીસ મથકના સીસીટીવી ફૂટેજની માંગ થતા રિમાન્ડ દરમિયાનના ફૂટેજ પણ ડિલીટ કરી દેવાયા હોવાના આક્ષેપો સાથે સુરત પોલીસે સુપ્રીમ કોર્ટના હુકમનો અનાદર કર્યો હોવાની સાથે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની પિટિશન કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ મામલાને ગંભીરતાથી લઈને વેસુ પોલીસ મથકના પીઆઈ, ડીસીપી તેમજ પોલીસ કમિશનરને તા. ૨૯મી જાન્યુઆરીએ ખુલાસા સાથે હાજર રહેવા નોટિસ ઈશ્યૂ કરી હતી.

સુરત પોલીસને માફી આપવાનો સુપ્રીમનો ધરાર ઇનકાર

સોમવારે સુનાવણી વેળા સુરત પોલીસના એક પણ અધિકારી સુપ્રીમમાં હાજર રહ્યા ન હતા. સુરત પોલીસ તરફે સોલિસિટર જનરલ તુષાર મહેતા, એસવી રાજુ અને ઐશ્વર્યા ભાટી હાજર રહ્યા હતા. તેઓએ સુરત પોલીસની કામગીરી અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ માફી માંગી હતી. જોકે, સુપ્રીમે માફી આપવાનો ઇનકાર કરી દીધો હતો.

પોલીસતંત્ર તરફથી સુપ્રીમમાં આવી રજૂઆત થઇ

પોલીસ તંત્ર તરફથી સુપ્રીમમાં એવી રજૂઆત કરાઇ હતી કે, ગુજરાતમાં એવી પ્રથા છે જ કે જેમાં આગોતરા લેનારા આરોપીઓને રિમાન્ડ પણ અગાઉ લેવામાં આવ્યા હોય. ગુજરાતમાં, જ્યારે હાઈકોર્ટ અથવા સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર કરવામાં આવે છે, ત્યારે આદેશમાં સામાન્ય રીતે એવી શરત સામેલ હોય છે કે રિમાન્ડ માટે અરજી કરવાનો પ્રોસિક્યુશનનો અધિકાર ખુલ્લો રહે. હાલના કેસમાં અધિકારીએ ખોટી માન્યતા હેઠળ, રિમાન્ડ મેળવવાનું કામ કર્યુ હતું.

વ્યક્તિગત સ્વતંત્રતાની ગેરંટી વિરુદ્ધની કોઇ પ્રથા હોય તો તેનું અવમૂલ્યન કરવું પડશે

આ બાબતે સુપ્રીમ કોર્ટે ફરી નારાજ થઇ જણાવ્યું કે, તો પછી ગુજરાતને શિક્ષિત કરવાની જરૂર છે, જો વ્યક્તિગત સ્વતંત્રતાની ગેરંટી વિરુદ્ધ કોઇ પ્રથા થઈ રહી હોય, જો તમે આ પ્રથાને અનુસરો છો, તો આપણે આવી પ્રથાનું અવમૂલ્યન કરવું પડશે. વિદ્વાન મેજિસ્ટ્રેટને પણ શિક્ષિત કરવાની જરૂર છે. અમદાવાદમાં આટલી મોટી એકેડમી છે, તમે તમારા મેજિસ્ટ્રેટને આ પ્રકારની તાલીમ આપો છો? એવી ગંભીર ટકોર સુપ્રીમે કરી હતી. ગુજરાત હાઈકોર્ટને એકેડેમીમાં મેજિસ્ટ્રેટને યોગ્ય તાલીમ આપવા અને રાજ્ય સરકારને તેના અધિકારીઓને શિક્ષિત કરવા માટે કહેવું પડશે એવું પણ સુપ્રીમે જણાવ્યું હતું. સુપ્રીમે ગુજરાત હાઇકોર્ટને પણ પક્ષકાર તરીકે જોડી ૧૫ દિવસ પછી ગુજરાત હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલને હાજર રહેવા સૂચન કર્યુ હતું.

આ ઘટનાને લઇ વિવાદ સર્જાયો હતો

ઠાકોરજી ડેવલોપર્સના અભિષેક ગોસ્વામીએ વેસુ પોલીસમાં ભાવિન દુર્લભ પટેલ, તુષાર શાહ, સુમિત ગોયેન્કા, રાજુસિંહ અને ઓમકારસિંહ રાજપૂતની સામે રૂ. ૧.૬૫ કરોડની ઠગાઇની ફરિયાદ આપી હતી. આ ફરિયાદમાં શ્રેષ્ઠા ગ્રૂપ દ્વારા કોમર્શિયલ બિલ્ડિંગ બનાવી, તેમાં ૧ દુકાનના ૧૧ લાખ લેખે રૂ. ૧.૬૫ કરોડ અને બીજા ૫૪ લાખના ચેક લીધા હતા. આ જ દુકાનો અન્ય સાત-આઠ લોકોને પણ વેચી દીધી હતી. જે અંગે વેસુ પોલીસમાં ગુનો નોંધાયો હતો. આ ગુનામાં તુષાર શાહ સુપ્રીમમાંથી આગોતરા લઇ હાજર થયો હતો.

ટ્રેનોને સલામત રીતે થંભાવવું શક્ય બનશે

બુલેટ ટ્રેન : ધરતીકંપની તપાસ માટે પ્રથમવાર ૨૮ સિસ્મોમીટર લાગશે

। વાપી ।

ભૂકંપ દરમિયાન મુસાફરોની સલામતી અને મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે ભારતમાં પ્રથમવાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ (મુંબઈ અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર) માટે ૨૮ સિસ્મોમીટર લગાવવામાં આવનાર છે.

આ સિસ્મોમીટર જાપાની શિંકનસેન ટેક્નોલોજી ઉપર આધારિત પ્રારંભિક ભૂકંપ શોધ પ્રણાલી છે. જે પ્રાથમિક તરંગો દ્વારા ધરતીકંપ પ્રેરિત આંચકાઓને શોધી કાઢશે અને ઓટેમેટિક પાવર શટડાઉનને સક્ષમ બનાવશે. જ્યારે વીજ શટડાઉનની જાણ થશે ત્યારે આકસ્મિક બ્રેક્સ સક્રિય કરવામાં આવશે અને અસરગ્રસ્ત વિસ્તારમાં દોડતી ટ્રેનો બંધ થઈ જશે.

આ ૨૮ સિસ્મોમીટરમાંથી ૨૨ સિસ્મોમીટરને એલાઈનમેન્ટ સાથે ઈન્સ્ટોલ કરવામાં આવશે. જેમાં ૮ મહારાષ્ટ્રમાં હશે. જેમકે મુંબઈ થાણે, વિરાર અને બોઈસરનો સમાવેશ થાય છે. જ્યારે ગુજરાતનાં ૧૪ સ્થળોમાં વાપી બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ અને અમદાવાદમાં સિસ્મોમીટરર્સ ટ્રેકશન સબ સ્ટેશન બનાવાશે. જ્યારે બાકીના ૬ સિસ્મોમીટરને આંતરિક સિસ્મોમીટર તરીકે ઓળખવામાં આવશે. જેને નજીકના ધરતીકંપની શક્યતા ધરાવતા વિસ્તારો પૈકી મહારાષ્ટ્રના ઘેડ, રત્નાગીરી, લાતુર, પાંગરી અને ગુજરાતના આડેસર અને ભુજમાં સ્થાપિત કરવામાં આવશે. એમએએચએસઆર ગોઠવણીની નજીકના વિસ્તારો જ્યાં છેલ્લા ૧૦૦ વર્ષોમાં ૫.૫થી વધુ તીવ્રતાના ધરતીકંપો થયા છે, ત્યાં જાપાનના નિષ્ણાતો દ્વારા સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં સૂક્ષ્મ કંપન પરીક્ષણ દ્વારા વિગતવાર સર્વેક્ષણ અને માટીની યોગ્યતાના અભ્યાસ પછી આ સ્થળોની પસંદગી કરવામાં આવી છે.

નારાયણ સાઈને હંગામી જામીન આપવાનો હાઈકોર્ટનો સાફ ઈનકાર

। અમદાવાદ ।

સાધિકાઓ સાથે દુષ્કર્મના કેસમાં જેલવાસ ભોગવી રહેલા નારાયણ સાંઇ ને હંગામી જામીન આપવાનો પણ ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે સાફ શબ્દોમાં ઈનકાર કરી દીધો હતો. હાઈકોર્ટની ખંડપીઠે નારાયણ સાંઇને સ્પષ્ટ રીતે જણાવ્યું કે, અમને તમારી પર કોઈપણ પ્રકારનો વિશ્વાસ નથી કારણ કે, તમે ભૂતકાળમાં પણ બોગસ દસ્તાવેજો રજૂ કરીને હાઈકોર્ટમાંથી જામીન મેળવવાનો પ્રયાસ કર્યો છે અને હાઈકોર્ટે તમને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકારેલો છે. પોતાના પિતા આસારામની સારવાર માટે હંગામી જામીન માંગતી અરજી ફગાવી દેવાનું વલણ હાઈકોર્ટે અપનાવતાં નારાયણ સાંઈને પોતાની અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી.

હાઈકોર્ટે એવી પણ માર્મિક ટકોર કરી હતી કે, બાપ અને બેટા તમે બંને એકસરખા ગુનામાં દોષિત ઠર્યા છો. હાઈકોર્ટે નારાયણ સાઇ તરફથી રજૂ કરાયેલા દસ્તાવેજો અને કાગળો અપૂરતા હોવાની સાથે સાથે તેની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવતાં જણાવ્યું કે, નારાયણ સાંઇએ હંગામી જામીન મેળવવા આસારામી જે ક્રિટીકલ પરિસ્થિતિ હોવાની રજૂઆત કરી છે, તેની સાથે અદાલત સંમત નથી.

ભરતી મેળો મોડો શરૂ થતા પાટીલે કહ્યું- મારા નેતાઓ આવ્યા નહોતા

ડો. ભરત બોઘરા ટ્રાફિકમાં ફસતા કોંગ્રેસમાંથી આવેલાને મોડા પોંખાયા

। ગાંધીનગર ।

ડભોઈના પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ અને જામનગરના પૂર્વ ધારાસભ્ય ચિરાગ કાલરિયા સહિત કોંગ્રેસના અનેક નેતાઓ, કાર્યકરો સોમવારે ભાજપના પ્રદેશ કાર્યલાય શ્રી કમલમ્ ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસ છોડીને આવેલા નેતાઓ, કાર્યકરોની ભરતી માટે આયોજીત કાર્યક્રમ પુર્વનિર્ધારીત સમય કરતા દોઢ કલાક મોડો શરૂ થયો હતો. જેના કારણે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટિલને મંચ ઉપર આવ્યા બાદ તરત જ દિલગીરી વ્યક્ત કરવી પડી હતી અને તેમણે મારા નેતાઓ આવ્યા નહોતા એટલે વાર લાગી એમ કહેવુ પડ્યુ હતુ.

ભાજપે કોંગ્રેસ સહિતના અન્ય વિપક્ષોમાંથી નેતાઓ, ધારાસભ્યો, આગેવાનોને જોડવા માટે એક કમિટી રચી છે. આ મધ્યસ્થી કમિટીના ચેરમેન ડો.ભરત બોઘરા ટ્રાફિકમાં ફસાઈ પડતા પ્રદેશ કાર્યલાયે સવારે ૧૧ વાગ્યાથી આવીને ભાજપમાં પોંખાવાની રાહ જોઈ રહેલા કોંગ્રેસીઓને દોઢેક કલાક સુધી કમળની છાપવાળો કેસરી ખેસ પહેરવા રાહ જોવી પડી હતી. સોમવારે બપોરે ૧૨-૩૦ કલાકને બદલે છેક બે વાગ્યા આસપાસ આ કાર્યક્રમ શરૂ થતા પ્રદેશ અધ્યક્ષ પાટિલે મોડા આવેલા ભાજપના જ પદાધિકારી અને નેતાઓ સામે સખત નારાજગી વ્યક્ત કર્યાનું પણ કહેવાય છે. ઉલ્લેખનિય છે કે, સોમવારે બે પૂર્વ ધારાસભ્યો ઉપરાંત અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ સહિત અનેક આગેવાનો પોતાના સમર્થકો સાથે ભાજપમાં સામેલ થયા છે.

ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરતા વિક્રેતાઓ અને મળતિયાઓથી સાવધાન
જાહેર અને વ્યવસાયિક હિતમાં જારી

આ લેખનો હેતું, અમારા વ્યવસાયિક મિત્રો જેઓ હીરા ઉત્પાદન ક્ષેત્ર સાથે જોડાયેલા છે તેઓને ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર વેચનારાઓ તેમજ તેના મળતિયાઓથી જાગૃત કરવાનો એક નમ્ર પ્રયત્ન છે.

હાલમાં અમોની કંપનીના ધ્યાનમાં આવેલ છે કે, અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ કે જેઓ સર્વિસ અને મેન્ટેનન્સ એંજીનિયર તરીકે કામ કરતા હતા તેઓએ અમારી કંપનીના કાયદેસરના સોફ્ટવેરને ક્રેક કરી, તેનું અનધિકૃત અને ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા છે.

અયોગ્ય અને ગેરકાયદેસર રીતે નાણાકીય લાભો મેળવવા અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ અને તેના મળતિયાઓ દ્વારા અમારી કંપનીના અધિકૃત(લાયસન્સ) સોફ્ટવેરની ચોરી કરી તેને અનધિકૃત રીતે વેચવા માટે સોફ્ટવેર લોક (HAPS) સાથે ચેડાં કરી અમારી કંપનીના સોફ્ટવેર ને અધિકૃત સોફ્ટવેર તરીકે તેમજ અધિકૃત વિક્રેતા તરીકે વેચાણ કરતા આવેલ છે. અમોને એવું પણ જાણવા મળેલ છે કે, આવા અનધિકૃત અને ગેરકાયદેસર સોફ્ટવેરનું વેચાણ ખોટા કે ઉપજાવી કાઢેલા બિલો તેમજ બોગસ પેઢીઓના નામે કરાય છે. જેથી સરકારને મળવાપાત્ર ટેક્સની રકમ તેમજ આવા સોફ્ટવેરના વેચાણથી મેળવેલ રકમ દ્વારા તેનો ગેરકાયદેસર પ્રવૃતિઓમાં ઉપયોગ થઈ શકે તેમજ દેશનાં અર્થતંત્રને મોટું નુકશાન પોંહચાડી રહ્યા હોય તેવી અમોને શંકા છે.

તાજેતરમાં આ રીતે ચાલતા સોફ્ટવેરના ગેરકાયદેસર અને અનધિકૃત વિક્રેતાઓ સામે મોટી કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. તેમજ ગુનેગારોની ધરપકડ કરી તેમના નેટવર્કની અને મળતિયાઓ અંગે જરૂરી તપાસ ચાલી રહી હોય જેથી આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરના ખરીદ તેમજ વેચાણ સાથે જોડાયેલા લોકો માટે સંભવિત કાનૂની કાર્યવાહી અંગે તેના પરિણામોની ગંભીરતા દર્શાવે છે.

વ્યાવસાયિક મિત્રો, અહીં એ વાત સમજવાની જરૂર છે કે, આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર ખરીદવા કરતાં અમો દ્વારા જે અધિકૃત સોફ્ટવેરનું (લાયસન્સ સહિતનું) વેચાણ કરવામાં આવે છે જે અધિકૃત લાયસન્સ સોફ્ટવેર સાથે આવતું હોવાથી તેની માલિકી અંગેના કાનૂની અધિકારો સોફ્ટવેરમાં આવતા નવીનીકરણ તેમજ તે અંગેની જરૂરી સર્વિસ અમોની કંપની તરફથી મળી રહે છે.

અમોની સામાન્ય જનતા અને વ્યવસાયિકોને આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરને લગતા વ્યવહારોથી દૂર રહેવા તેમજ સજાગ રહવાની નમ્ર અપીલ કરીએ છીએ. ચોરીના માલની ખરીદીના લઘુકાલીન લાભો કેવા પણ હોય આવી ખરીદી ગેરકાનૂની પ્રવૃતિઓને સીધું સમર્થન કરે છે જેથી ખરીદનારાઓ સામે પણ કાનૂની કાર્યવાહી સહિતના મોટા જોખમ ભવિષ્યમાં ઊભા કરે છે.

અમોની કંપની ઉચ્ચતમ નૈતિક મૂલ્યો તેમજ ગ્રાહકોના કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધ છે. જેથી અમો અમારા અધિકૃત એટલે કે લાયસન્સ સોફ્ટવેરને અને તેની લગતી સેવાઓને અત્યંત વ્યાજબી કિંમતે ઓફર કરીએ છીએ. જેથી અમોના વ્યાવસાયિક મિત્રોને સોફ્ટવેરને લગતા કાનૂની અધિકારો તેમજ એક અધિકૃત સોફ્ટવેર મળે છે. અમારી પ્રતિબદ્ધતા માત્ર કાયદાનું પાલન કરવાની દ્રઢતાપૂર્તિ જ મર્યાદિત નથી પરંતુ અમોનો હેતુ નાના તેમજ મધ્યમ ઉદ્યોગની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તે મુજબની એક ઉચ્ચતમ ગુણવત્તાવાળી સોફ્ટવેર અને સર્વિસિસ આપવાનો રહેલો છે.

ભારત એક વિકાસશીલ દેશ છે અને ભારતને આર્થિક વ્યવસ્થાને વધુ મજબૂત કરવા આપણે ભાગે આવતા જરૂરી એવા ટેક્સને સત્યનિષ્ઠાથી અને જવાબદારીથી ચૂકવ્યે તેમજ આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે મળતા સોફ્ટવેરને લગતી તકોને નકારી કાયદેસર પ્રવૃતિઓને સમર્થન કરી, સ્વસ્થ આર્થિક વાતાવરણના નિર્માણમાં પોતાનું યોગદાન આપીએ અને આપણે સૌ સાથે મળીને આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરનારાઓ અને તેના મળતિયાઓ સામે સુસંગઠિત થઈ, તેને નકારી આપણા ઉદ્યોગને અને ભવિષ્યને સુરક્ષિત કરીએ.

વધુ માહિતી આપને નીચે જણાવેલ નંબર પરથી મળી શકશે.
OCTONUS SOFTWARE | LEXUS SOFTMAC
ફોન : ૯૮૭૯૫ ૮૯૬૮૪.

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઇમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, ઉધના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202



શું તમે ઇન્ડસ્ટ્રીયલ પ્લોટમાં રોકાણ કરી ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માંગો છો?
98798 93615